# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-07-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

- ❖ રાજ્ય સરકારે જીવન રક્ષક આરોગ્ય દવાઓની યાદીમાં આ વર્ષે નવી ૬૬૫ દવાનો ઉમેરો કર્યો.
- ❖ રમત ક્ષેત્રે પ્રતિષ્ઠિત ઓલિમ્પિક સ્પર્ધાનો ફ્રાન્સના પેરિસમાં આજે રાત્રે 11 વાગ્યાથી આરંભ થશે- મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગુજરાતના 3 સહિત તમામ ભારતીય ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી..
- ❖ રાજ્ય સહિત દેશભરમાં આજે કારગીલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી.
- ❖ રાજ્યમાં છેલ્લા સાત મહિનામાં પાઇપ્ડ નેચરલ ગેસ- PNG જોડાણની સંખ્યામાં પોણા બે લાખનો વધારો નોંધાયો.
- ❖ આગામી 24 કલાકમાં દક્ષિણ ગુજરાતના ઘણા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની આગાહી- અત્યાર સુધીમાં કુલ 14 હજાર 552 લોકોને સલામત સ્થળે ખસેડાયા.
- ❖ મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીએ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર ગુજરાતી સાહિત્યકારોને વર્ષ 2022-23 માટેના સાહિત્ય પુરસ્કારોની જાહેરાત કરી છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# RUSHIKESH PATEL- MEDICINE

રાજ્ય સરકારે જીવન રક્ષક આરોગ્ય દવાઓ- **EDL**ની યાદીમાં આ વર્ષે નવી ૬૬૫ દવાનો ઉમેરો કર્યો છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, અગાઉ રાજ્ય સરકારની **EDL**ની યાદીમાં ૭૧૭ દવાઓ હતી, જે હવે વધીને ૧ હજાર ૩૮૨ થઇ છે. તેમણે કહ્યું કે, રાજ્યના પ્રત્યેક દર્દીને શ્રેષ્ઠતમ સારવાર અને ગુણવત્તાયુક્ત દવાઓ ઉપલબ્ધ કરાવવી, એ જ અમારી સરકારની પ્રાથમિકતા છે

## (બાઇટ- ઋષિકેશ પટેલ)

મંત્રીશ્રીએ વધુ વિગતો આપતા ઉમેર્યું હતું કે, **EDL**ની યાદીમાં હવે કાર્ડીઓ વેસ્ક્યુલરની દવાઓ વધીને ૧૧૭, એન્ટી ઇન્ફેક્ટીવની દવાઓ વધીને ૧૯૯, એન્ટી કેન્સરની દવાઓ વધીને ૪૭ અને ન્યૂરોલોજીકલ અને સાઈકેટ્રીકની દવાઓ વધીને ૧૨૩ થઇ છે.

# JAMNAGAR- RAGHVJI PATEL

જામનગરમાં આજે દેવભૂમિ દ્વારકા, મોરબી અને જામનગર જિલ્લાની સહકારી મંડળીઓની એક સમીક્ષા બેઠક યોજાઇ. રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિ અને રાજ્યના સહકારમંત્રી જગદીશ વિશ્વકર્માના અધ્યક્ષ સ્થાને યોજાયેલી આ બેઠકમાં સહકારથી સમૃદ્ધિ પાયલોટ પ્રોજેક્ટ, તેના મુખ્ય ઉદ્દેશો અને એક્શન પ્લાન અંગે ચર્ચા કરાઇ હતી..

બેઠકમાં કૃષિ મંત્રી જણાવ્યું કે, દેશભરમાં સહકારી ક્ષેત્રને વધુ મજબૂત બનાવવાની દિશામાં કામગીરી થઈ રહી છે. વધુમાં વધુ ખેડૂતો, પશુપાલકો, વેપારીઓ સહકારી બેન્ક સાથે જોડાય તે દિશામાં કામગીરી કરવા મંત્રીશ્રીએ સૂચનો કર્યા હતા.

આ પ્રસંગે સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, સહકાર થી સમૃદ્ધિ પાયલોટ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતો અને દૂધ ઉત્પાદકોને ગામની મંડળી ઉપર જ બેન્કિંગ સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો છે. તેઓએ રાજ્યના તમામ ગામડાઓમાં દૂધ મંડળીઓની સુવિધાઓ દ્વારા ખેડૂતો અને પશુપાલકોની સુવિધાઓમાં વધારો થશે એમ જણાવ્યું હતું. આ બેઠકમાં સહકાર વિભાગના સચિવ, ગુજરાત મિલ્ક ફેડરેશનના ચેરમેન, દૂધ મંડળીઓના આગેવાનો, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# CM- OLYMPIC PLAYERS WISHING

રમત ક્ષેત્રે પ્રતિષ્ઠિત ઓલિમ્પિક સ્પર્ધાનો ફ્રાન્સના પેરિસમાં આજથી આરંભ થશે. ભારતીય સમય મુજબ આજે રાત્રે 11 વાગ્યે ઓલિમ્પિક સ્પર્ધાનો ઉદઘાટન સમારંભ સેન નદી ખાતે યોજાશે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પેરિસ ઓલિમ્પિકમાં ભાગ લઈ રહેલા ગુજરાતના ૩ ખેલાડીઓ હરમીત દેસાઇ, માનવ ઠક્કર અને ઇલાવેનિલ વાલારિવાન ઉપરાંત તમામ ભારતીય ખેલાડીઓને સમગ્ર ગુજરાત વતી જ્વલંત સફળતાની શુભેચ્છાઓ પાઠવી છે.

**(બાઇટ- સીએમ)**

# CM- VRUXAROPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'એક પેડ માં કે નામ' અભિયાનનો આજ થી ગાંધીનગર ખાતેથી આરંભ કરાવ્યો. પર્યાવરણના રક્ષણ માટે ૩૧મી ઓગસ્ટ સુધી સમગ્ર રાજ્યમાં વૃક્ષારોપણ દ્વારા શહેરી વનનું નિર્માણ કરવામાં આવશે. મુખ્યમંત્રીએ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના કોબા ખાતેથી વડનું વૃક્ષ વાવીને આ અભિયાનનો પ્રારંભ કરાવ્યો.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કોબા ખાતે ૪૭૦૦ ચો.મી.થી વધુ વિસ્તારમાં લીમડો, આંબો, આંબલી, બોરસલી, આમળા જેવા કુલ મળીને ૧૫૦૦ જેટલા રોપાઓનું વાવેતર કરી અર્બન ફોરેસ્ટનું નિર્માણ કરવામાં આવશે.. આ વિશેષ મહાઅભિયાનમાં મહાનગરપાલિકા-નગરપાલિકા વિસ્તારમાં વોર્ડ દીઠ અથવા ઝોન દીઠ વિશેષ જગ્યા પર વૃક્ષારોપણ કરવામાં આવશે. વૃક્ષારોપણ થયેલ રોપાઓના જતન માટે આ જગ્યાને ફરતે સુરક્ષા માટે ફેન્સીંગ પણ બનાવવામાં આવશે.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર ધારાસભ્ય જિલ્લા કલેક્ટર મહાનગરપાલિકાના કમિશનર સહિત મહાનુભાવો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# KARGIL VIJAY DIVAS

રાજ્ય સહિત દેશભરમાં આજે ભારતીય સૈન્યના સાહસ અને શૌર્યને યાદ કરવા કારગીલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવી. નવમી ગુજરાત બટાલિયન દ્વારા એસ વી આર્ટ્સ કોલેજમાં અમદાવાદના ત્રણ વીર શહીદ જવાનના સ્વજનોનું સન્માન કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં એનસીસીનાં મુખ્યમથક ખાતે દેશભક્તિનો કાર્યક્રમ યોજાયો હતો.

ગાંધીનગરમાં રાષ્ટ્રીય રક્ષાશક્તિ યુનિવર્સિટી ખાતે આયોજિત કાર્યક્રમમાં 1999નાં યુધ્ધમાં રાષ્ટ્રનાં રક્ષણ માટે જીવનું બલિદાન આપનારા જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

સુરત ખાતે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાની ઉપસ્થિતિમાં શહીદ જવાનોના પરિવારજનોના સન્માન માટે તિરંગા યાત્રા અને વિરાંજલી મહારક્તદાન શિબિર યોજાઈ હતી.

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટીએ દેશના જવાનોના અમૂલ્ય બલિદાન વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરી શહીદોને શ્રધ્ધાજંલિ

અર્પણ કરવામાં આવી હતી તેમજ એક પ્રેરણાદાયી શોર્ટ ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

તો બીજી તરફ, દાદરાનગર હવેલી અને દિવ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા મશાલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# INFO. OFFICER

રાજ્ય સરકારે માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશ્નર અને અન્ય ત્રણ માહિતી કમિશનરોની નિમણૂકનું જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે. રાજ્યના મુખ્ય માહિતી કમિશ્નર તરીકે ડો. સુભાષ સોનીની નિયુક્તિ કરવામાં આવી છે, જ્યારે માહિતી કમિશનરો તરીકે નિખિલ ભટ્ટ, મનોજ પટેલ અને સુબ્રમણ્યમ ઐયરની નિયુક્તિ કરવામાં આવી છે.

# PNG Connection

રાજ્યમાં છેલ્લા સાત મહિનામાં પાઇપ્ડ નેચરલ ગેસ- PNG જોડાણની સંખ્યામાં પોણા બે લાખનો વધારો થયો છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે પ્રસિધ્ધ કરેલા આંકડા અનુસાર, 31 જુલાઇ, 2023 સુધીમાં, રાજ્યમાં ઘરેલુ PNG જોડાણની સંખ્યા 30 લાખ 78 હજાર હતી, જે 29 ફેબ્રુઆરી, 2024નાં રોજ વધીને 32 લાખ 53 હજાર થઈ હતી.

ગુજરાતના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઇએ જણાવ્યું હતું કે, ઔદ્યોગિક અને વ્યાવસાયિક પીએનજી જોડાણમાં ગુજરાત દેશમાં પહેલા ક્રમે છે.

ગુજરાત 23 હજાર 445 વ્યવસાયિક તેમજ 5 હજાર 786 ઔદ્યોગિક PNG જોડાણો સાથે સમગ્ર દેશમાં ટોચના પાંચ રાજ્યોમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

શ્રી દેસાઇએ વધુમાં જણાવ્યું છે કે, ગુજરાત ગેસ લિમિટેડના પાઇપલાઇન નેટવર્કમાં છેલ્લા દસ વર્ષમાં 158 ટકાનો વધારો થયો છે. વર્ષ 2014ના માર્ચ મહિનામાં GGLનું નેટવર્ક 13 હજાર 517 કિલોમીટર હતું, જે માર્ચ 2024 સુધી વધીને 34 હજાર 832 કિલોમીટર સુધી પહોંચ્યું છે.

# WEATHER ALLOVER

હવામાન વિભાગે આગામી 24 કલાકમાં દક્ષિણ ગુજરાત ઘણા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ જ્યારે મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના ઘણા સ્થળોએ ભારે વરસાદ થવાની આગાહી કરી છે. સત્તાવાર યાદી મુજબ, રવિવાર અને સોમવારે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે જ્યારે સોમવારે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ઘણાં વિસ્તારોમાં હળવોથી ભારે વરસાદ થવાની સંભાવના છે..

રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું છે ત્યારે કેટલાક જિલ્લાઓમાં હજુ પણ વરસાદના અહેવાલો મળેલ છે.

ગુરુવારે રાત્રે ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને પગલે નવસારીની અંબિકા અને પૂર્ણા નદીમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. તંત્રએ રાહત બચાવકાર્યમાં એનડીઆરએફ, અગ્નિશમન વિભાગ, પાલિકા, પોલીસ સહિતની ટીમો ઉતારી ૨૨૦૦થી વધુ લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાવ્યું હતું. શાળા કોલેજોમાં રજા જાહેર કરાઈ હતી. આ અંગે વધુ વિગતો આપે છે અમારા નવસારી જિલ્લાના પ્રતિનિધી અશોક પટેલ...

## (બાઇટ- અશોક પટેલ)

તાપી જિલ્લામાં રાત્રિ દરમિયાન પડેલા વરસાદ બાદ ઝાખરી અને વાલ્મિકી નદી બે કાંઠે વહી રહી છે. સોનગઢથી બરડીપાડા- આહવાને જોડતા નેશનલ હાઇવે નંબર 953 હીરાવાડી ખાતેનો પુલ તૂટતા વાહન વ્યવહાર ઠપ્પ થયો છે. અન્ય 100 થી વધુ ગ્રામ્ય વિસ્તારના રોડ રસ્તાઓ ધોવાઈ ગયા

હોવાથી વાહન વ્યવહાર ખોરવાતા વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક સમારકામ શરૂ કરવામાં આવ્યું છે. જીલ્લાના વાલોડ ગામના કોઝ-વે પરથી પસાર થતા એક વૃદ્ધાનું પાણીમાં તણાઇ જવાથી મૃત્યુ થયું છે..

વલસાડ જીલ્લામાં આજે છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યા હતા.

# GUJ. Rescue Operations

રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન તંત્રના જવાનોએ આજે તાપી જીલ્લામાં 106 અને નવસારીમાં સાત મળીને વરસાદ અને પૂરના પાણીમાં ફસાયેલી 113 વ્યક્તિઓને સલામત સ્થળે ખસેડી છે. એવી જ રીતે, નવસારી જીલ્લાના બે હજાર 694, વડોદરાના એક હજાર 337 અને તાપી જીલ્લાના 918 મળીને કુલ પાંચ હજાર 125 લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. આ સાથે, અત્યાર સુધીમાં કુલ 14 હજાર 552 લોકોને સલામત સ્થળે લઇ જવાયા છે.

નવસારી જિલ્લામાં ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં જિલ્લા પ્રશાસન દ્વારા 'ઝીરો કેઝ્યુલિટી'ના એપ્રોચ સાથે કામગીરી કરવામાં આવી રહી છે.. આજે જીલ્લાના પ્રભારી અને નાણામંત્રી કનુભાઈ દેસાઈએ પુરની પરિસ્થિતી અંગે સમીક્ષા બેઠક કરી. બચાવ કામગીરી, આરોગ્યલક્ષી કામગીરી સહિતની બાબતો વિશે અધિકારીઓને સૂચના આપી હતી. સ્થળતાંરિત કરાયેલા લોકોને જરૂરી તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. જિલ્લા તંત્ર દ્વારા નાગરિકો માટે ટોલ ફ્રી નંબર ૧૦૭૭ ઉપર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

નવસારીની પૂર્ણા નદી ઓવરફ્લો થતાં તકેદારીના ભાગરૂપે મહુવા તાલુકામાંથી ૧૭૧ નાગરિકોનું સ્થળાંતર કરાયું છે.

વડોદરાની વિશ્વામિત્રી નદીમાં પાણીના પ્રવાહને ધ્યાને રાખી કરાલી ગામે ધારાસભ્ય તેમજ મામલતદારે સ્થળ પરીક્ષણ કરી લોકોને સાવચેત રહેવા સૂચન કર્યું હતું.

# MAHARASHTRA SAHITYA AWARD

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીએ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર ગુજરાતી સાહિત્યકારો માટે વર્ષ 2022-23ની સાહિત્ય પુરસ્કારોની જાહેરાત કરી છે. સત્તાવાર યાદી મુજબ, ઇશ્વરલાલ પરમારને કવિ નર્મદ ગુજરાતી સાહિત્ય પુરસ્કાર અપાશે.

એવી જ રીતે, સાહિત્ય ક્ષેત્રે તારિણી બહેન દેસાઇને, કલાક્ષેત્રે લલિતા પટેલને પત્રકારત્વ ક્ષેત્રે અક્ષય અંતાણીને તેમજ જન્મભૂમિ- સૌરાષ્ટ્ર ટ્રસ્ટને જીવન ગૌરવ પુરસ્કાર અપાશે. નવલકથા માટે નિરંજન મહેતાને અતિથી દેવો ભવઃ માટે ચૂનીલાલ મડિયા પુરસ્કાર એવી જ રીતે કવિતામાં ઉદયન ઠક્કર અને પ્રદિપ સંઘવીને હરીશચંદ્ર ભટ્ટ પુરસ્કાર અપાશે. લલિત નિબંધ ક્ષેત્રે નીલા સંઘવીને વાડીલાલ ડગલી પુરસ્કાર અપાશે. નવોદિત લેખકો માટેના યશવંત જોષી પુરસ્કાર માટે મીતા મેવાડા અને મમતા પટેલની પસંદગી થઇ છે.

આકાશવાણી મુંબઇમાં પ્રોગ્રામ એક્ઝીક્યુટીવ તરીકે કાર્યરત વૈશાલી ત્રિવેદીને અનુવાદ શ્રેણીમાં નટ સમ્રાટ માટે ગોપાળ રાવ વિદ્વાંસ પુરસ્કાર અપાશે...